મંદિર બનાવવાના નામે ૧.૭૬ કરોડની છેતરપિંડી, વડતાલ સ્વામિનારાયણ સાધુઓ સામે વધુ એક ગુનો

અમદાવાદ,

વડતાલ સ્વામિનારાયણ સંપ્રદાયનું મંદિર બનાવવાનું હોવાના નામે મળતિયાઓ અને ખેડૂતો સાથે મળીને કરોડો રૂપિયાની જમીન ખરીદી માટે અન્ય વ્યક્તિઓ પાસે કરોડોની રોકાણ કરાવીને છેતરપિંડી આચરવાના મામલે વધુ એક ગુનો નોંધવામાં આવ્યો છે. અમદાવાદમાં જમીન લે-વેંચનું કામ કરતા બે વ્યક્તિઓને વિશ્વાસમાં લઈને બાયડના લીંબ ગામમાં સ્વામિનારાયણ મંદિર અને ગૌશાળા બનાવવાના નામે ૧.૭૬ કરોડ રૂપિયા પડાવવાના મામલે સીઆઈડી ક્રાઈમ દ્વારા સ્વામિનારાયણ સંપ્રદાયના ચાર સાધુ, ખેડૂત અને મળતિયાઓ સહિત ૮ લોકો સામે ગુનો નોંધવામાં આવ્યો છે. અમદાવાદમાં સોલા સાયન્સ સીટી રોડ પર રહેતા ઘનશ્યામસિંહ વાઘેલા ભાગીદાર દિલીપ પટેલ વટવામાં જમીન-વેચની ઓફિસ ધરાવે છે. ડિસેમ્બર ૨૦૨૩માં તેમની ઓફિસ પર સુરતના સુરેશ ઘોરી અને લાલજી ઢોલા આવ્યા હતા. તેમણે ઘનશ્યામસિંહને જણાવ્યું હતું બંને જણા સુરતમાં જમીન-વેચનું કામ કરે છે.

વડતાલ સ્વામિનારાયણ સંસ્થાને પોઈચા જેવું ભવ્ય મંદિર અને ગૌશાળા બનાવવા માટે ૫૦૦થી ૭૦૦ વિઘા જમીનની જરૂર છે. પરંતુ સાધુ ખેડૂતો પાસેથી સીધી જમીન ખરીદતા નથી. જેથી જો તમે રોકાણ કરશો તો ફાયદો થશે. આ માટે આણંદના ચિખોદરા ખાતે દેવ પ્રકાશ ઉર્ફે ડી.પી. સ્વામીની ગૌશાળા પર મળીને ડીલ કરીએ.

ઘનશ્યામસિંહ વાઘેલા ભાગીદાર દિલીપ પટેલ સુરતથી આવેલી બે વ્યક્તિઓ સાથે આણંદ ગયા હતા. જ્યાં તેમની મુલાકાત દેવ પ્રકાશ સ્વામી, માધવપ્રિય સ્વામી, વિજય પ્રકાશ સ્વામી અને જય કૃષ્ણ સ્વામી સાથે થઇ હતી. તેમણે જણાવ્યું હતું કે, ' અમે વડતાલ સ્વામિનારાયણ સંપ્રદાયના નૌતમ સ્વામીના શિષ્ય છે. અમારે બાયડ પાસે આવેલા લીબ અને માથાસુરિયા ગામમાં મોટું મંદિર ગૌશાળા બનાવવાની છે. જર્મીન તમે ખરીદીને અમને આપશો એટલે દુબઈથી ૫ કરોડ રૂપિયાનું દાન આવશે. તે તમને આપીને સંસ્થા તમારી પાસેથી જમીન લઈને મંદિર બનાવશે.' આ વાતોથી ઘનશ્યામસિંહને વિશ્વાસ આવ્યો હતો. તેમણે દહેગામ ભૂપેન્દ્ર પટેલ અને બાયડના વિજયસિંહ ચૌહાણ પાસેથી જમીન ખરીદી અંગેનો સમજૂતી કરાર કરીને ૧.૧૧ કરોડ રૂપિયા ચુકવી આપ્યા હતા.

સુરતના સુરેશ ઘોરી અને લાલજી ઢોલા કહ્યું હતું કે. 'સમજુતી કરાર બતાવશો એટલે સ્વામી તમને ૫ કરોડ રૂપિયા રોકડા આપશે. જેની જમીન તમારા નાખે ખરીદી લેજો.' આ દરમિયાન મિંટીગ કરતા ડી.પી. સ્વામી અને વી.પી. સ્વામીએ ઘનશ્યામસિંહને ૨૧ લાખ રોકડા આપીને અસલી સમજુતી કરારની કોપી લઇ લીધી હતી. આ દરમિયાન ખેડૂતોઓ ઘનશ્યામસિંહ પાસે નાણાંની માંગણી ચાલુ રાખતા તેમણે ૪૦ લાખ રૂપિયા ચુકવી આપ્યા હતા. બીજી તરફ સ્વામીઓને નાણાં લેવા માટે દુબઈ જવુ પડશે. ઘનશ્યામસિંહ સ્વામી અને સુરતથી આવેલા બંને દલાલોની દુબઈની ટિકીટ કરી આપી હતી, બે દિવસ બાદ તે પરત આવ્યા હતા.૧૩મી ફેબ્રુઆરીએ ડી.પી. સ્વામી, લાલજી અને સુરેશે ઘનશ્યામસિંહને બોલાવીને તેમની મુલાકાત એક મહિલા અને અન્ય બે વ્યક્તિઓ સાથે કરાવી હતી. આ બંને વ્યક્તિ ૫ કરોડના દાતા હોવા તરીકે ઓળખ આપી હતી. પરંતુ તે મુસ્લિમ હોવાનું કહેતા ઘનશ્યામસિંહને શંકા ઉપજી હતી. ત્યારે સ્વામીએ કહ્યું હતું કે, 'જમીનના સોદામાં ૨૫૦ વિઘા જમીન પર મંદિર અને બાકીની ૨૫૦ વિઘા જમીન પર લિથેનીયમ બેટરીનો પ્લાન્ટ તૈયાર કરશે.' આ દરમિયાન લાલજી અને સુરેશે કહ્યું હતું કે, 'દાનની રકમ આરબીઆઈ પ્રોસેસથી આવશે. તે પહેલા એક કરોડ ખેડૂતોને આપવાના છે. પરંતુ ઘનશ્યામસિંહ પાસે વ્યવસ્થા ન હોવાથી તેમણે માત્ર ૨૫ લાખ રૂપિયા આપ્યા હતા.સ્વામીઓની હરકત શંકાસ્પદ જણાતા તેમણે તપાસ કરી ત્યારે જાણવા મળ્યું હતું કે, વિજયસિંહ ચૌહાણ અને ભુપેન્દ્ર પટેલે કોઈ ખેડૂતો પાસેથી જમીન ખરીદી નથી અને તે માત્ર નાણાં પડાવવા માટે સાધુ સાથેની ગેંગમાં કામ કરતા હતા. બીજી તરફ ઘનશ્યામસિંહને જાણવા મળ્યું હતું કે આ ગેંગ દ્વારા ગુજરાતમાં આણંદ, વિરમગામ, અમદાવાદ, નડિયાદ અને સુરત સહિતના વિસ્તારોમાં ગુનો આચરવામાં આવ્યા હતા. જેના આધારે તેમણે સીઆઈડી ક્રાઈમનો સંપર્ક કરીને ગુનો નોંધાવતા પોલીસે વડતાલ સ્વામીનારાયણ સંસ્થાના ચાર સાધુ સહિત ૮ લોકો વિરુદ્ધ કાર્યવાહી કરી છે.

અમરેલીની ચોંકાવનારી ઘટના: ભાવનગરમાં દલાલની હત્યા કરી લાશ ઠેકાણે પાડવા આવેલા ૩ ઝડપાયાં

અમરેલી, ગુજરાતના અમરેલીમાંથી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. અમરેલીના બાબરાના ધરાઈ ગામે એર વ્યક્તિને સળગાવી દેવાની ઘટના સામે આવતા જ સમગ્ર વિસ્તારમાં ચકચારી મચી ગઈ હતી. ભાવનગરના શખશો દ્વારા એક વ્યક્તિની હત્યા કરી તેને સળગાવી દેવાયો હતો. ભાવનગરના તળાજા નજીક હત્યા કરીને લાશનો નિકાલ કરવા તેઓ અમરેલી પહોંચ્યા હતાં. જોકે, યોગ્ય સમયે પોલીસ પહોંચી જતાં સમગ્ર ભાંડો ફૂટી ગયો હતો.

ભાવનનગરના ત્રણ શખશો ફોરવ્હીલ લઈને અમરેલી આવ્યા હતાં. ભાવનગરના તળાજામાં જ એક વ્યક્તિની હત્યા કરી તેઓ લાશને ઠેકાણે પાડવા અમરેલીના ધરાઈ ગામે પહોંચી તેને સળગાવી રહ્યા હતાં. જોકે, લાશ સળગાવતા સમયે જ એકાએક પોલીસ અને સ્થાનિક જીઆરડીના જવાનો ત્યાં પહોંચી ગયાં જતાં સમગ્ર ભાંડો ફૂટી ગયો હતો. પોલીસે ઘટનાસ્થળે જ પુરાવા સાથે ત્રણેય શખશોની ધરપકડ કરી કાયદાકીય કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ તપાસ દરમિયાન જાણવા મળ્યું કે, જે વ્યક્તિની હત્યા કરી સળગાવવામાં આવ્યો હતો તે હીરાની દલાલીનું કામ કરતો હતો. જોકે, આ શખશોએ દ્વારા તેની હત્યા કેમ કરવામાં આવી તેને લઈને કોઈ ખુલાસો કરવામાં આવ્યો નથી.

બનાવટી દસ્તાવેજ તૈયાર કરીને છેતરપિંડી કરવાનો મામલો

આરોપીઓ પાસે ઓસ્ટ્રેલિયાના પીઆર હોવાથી નાસી જવાની શક્યતા

પોલીસે ગુનો નોંધ્યાના અનેક દિવસો બાદ પણ હજુ સુધી કોઇ આરોપીઓની ધરપકડ ન કરતા ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવામાં આવી

અમદાવાદ,

શહેરના પાલડી વિસ્તારમાં રહેતા યુવકની જાણ બહાર તેની પત્ની અને અન્ય સાસરિયાઓ દ્વારા બનાવટી દસ્તાવેજ તૈયાર કરીને છેતરપિંડી કરવાના મામલે પાલડી પોલીસે કોર્ટના હુકમ બાદ ગુનો નોંધ્યો હતો. પરંતુ, હજુ સુધી આ કેસમાં એક પણ આરોપીની ધરપકડ કરવામાં આવી નથી. ત્યારે બીજી તરફ મુખ્ય આરોપી કાંતિભાઇ પટેલ સિવાયના અન્ય આરોપીઓ પાસે ઓસ્ટ્રેલિયાના પીઆર હોવાથી તે ધરપકડથી બચવા માટે ભારત છોડીને નાસી જાય તેવી પુરેપુરી શક્યતા છે. જેથી આરોપીઓ સામે તાકીદથી કાર્યવાહી કરવામાં આવે તે માટે ઉચ્ચ પોલીસ અધિકારીઓને રજૂઆત કરવામાં આવી છે. આ સમગ્ર બનાવની વિગતો એવી હતી કે પાલડી ધરણીધર વિસ્તારમાં આવેલા યોગેશ્વરનગર સોસાયટીમાં રહેતા વિરેન્દ્ર પટેલે તેની પત્ની ગોપી, સસરા કાંતિભાઇ પટેલ, સાળા મિતુલ અને રાકેશ સાવલિયા વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી કે તેમણે ભાગીદારીમાંથી રીટાયર્ડમેન્ટનો બનાવટી દસ્તાવેજ તૈયાર કરીને કરોડો રૂપિયાની છેતરપિંડી કરી હતી. પરંતુ, ગુનો નોધાયાના અનેક દિવસ બાદ પણ હજુ સુધી આ કેસમાં પાલડી પોલીસે કોઇ આરોપીની ધરપકડ કરી નથી. જેથી આ અંગે ફરિયાદી વિરેન્દ્ર પટેલે પોલીસ કમિશનરને રજૂઆત કરી છે કે આ કેસના મુખ્ય આરોપી સરદારધામના ટ્રસ્ટી હોવાની સાથે રાજકીય ઘરોબો ધરાવતા હોવાથી સ્થાનિક પોલીસ દબાણ હેઠળ આવીને ધરપકડ ટાળી રહી છે. બીજી તરફ ગોપી અને મિતુલ પટેલ ઓસ્ટ્રેલિયાના પીઆર ધરાવતા હોવાથી ધરપકડ ટાળવા માટે ભારત છોડીને નાસી જઇ શકે છે. જેથી તેમની ધરપકડની કાર્યવાહી ઝડપથી નહી કરવામાં આવે તો કેસને અસર થઇ શકે છે. બીજી તરફ પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ કાંતિભાઇ પટેલ અને અન્ય આરોપીઓની ધરપકડની કાર્યવાહી માટે ઉચ્ચ અધિકારીઓ દ્વારા હજુસુધી લીલી ઝંડી આપવામાં આવી નથી.

માંજલપુર, વિશ્વામિત્રી આસપાસની સોસાયટીઓના લોકો દ્વારા પૂર નિયંત્રણનો લાંબા ગાળાનો ઉકેલ શોધવા માંગ

વડોદરા,

વડોદરા શહેરમાં ગયા મહિને આવેલા વિશ્વામિત્રીના વિનાશક પૂરના કારણે શહેરના માંજલપુર વિસ્તાર અને વિશ્વામિત્રીબ્રિજ નજીકના મુજમહુડા સહિતના વિસ્તારમાં હાલત ખૂબ જ કફોડી બની હતી. પૂરને લીધે હેરાન થયેલા લોકોએ કોર્પોરેશનમાં મોરચો કાઢીને વિવિધ પ્રશ્નો ઉકેલવા રજૂઆત કરી હતી.

સનસીટી પેરેડાઇઝ, વિશ્વામિત્રી ટાઉનશીપ, નક્ષત્ર એપાર્ટમેન્ટ, દુર્ગા હાઇટ્સ, સનસીટી એન્કલેવ વગેરે ૧૨ સોસાયટીઓના રહેવાસીઓ ના પ્રતિનિધિઓએ કોર્પોરેશનમાં કમિશનર સાથે મીટીંગ કરી હતી અને શહેરમાં વારંવાર આવતા પૂરને લીધે પાણી ભરાવાના જે પ્રશ્નો ઉપસ્થિત થાય છે તેનો લાંબા ગાળાનો ઉકેલ શોધવા રજૂઆત કરી હતી. આ વખતે બાલાજી પાર્ટી પ્લોટ ની આસપાસ પુષ્કળ પાણી ભરાતા ખુબ મુશ્કેલી ઊભી થઈ હતી અને ભવિષ્યમાં ફરી પાણી ભરાવાના પ્રશ્નો ઊભા ન થાય તે માટે સૂચનો કર્યા હતા. ખાસ તો ડ્રેનેજ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં સુધારો કરવા કહ્યું હતું.

એ ઉપરાંત ટીપી ૩૧ સ્કીમ અંગે ચર્ચા કરી હતી. ટીપી ૩૧ મુદ્દો ઘણા વખતથી પેન્ડિંગ છે. જો આનો અમલ થાય તો ડ્રેનેજ અને પુર નિવારણ માટે પર્યાપ્ત માળખાકીય સુવિધા સુનિશ્ચિત કરવા નિર્ણાયક બની શકે તેમ છે. કમિશનરે આજવા જળાશયને મજબૂત બનાવવા અને પાણીના સ્તરને સંચાલિત કરવા તેમ જ ઓવરફ્લો અટકાવવા જે મુદ્દા રજૂ કર્યા હતા, તેમાં ટીપી ૩૧ યોજના ના ઝડપી અમલીકરણનો પણ મુદ્દો એટલો જ અગત્યનો છે, તેમ રહીશોએ કહ્યું હતું. ટીપી ૩૧ સ્કીમ બને ત્યારે વરસાદી પાણીને નિયંત્રિત કરવા ડ્રેનેજ માળખાને સુવ્યવસ્થિત કરવા ખાસ અનુરોધ કર્યો હતો.

ICICI Home Finance

કોર્પોરેટ ઓફિસ : આઈસીઆઈસીઆઈ હોમ ફાયનાન્સ કંપની લિમીટેડ, આઈસીઆઈસીઆઈ એચએફસી ટાવર, અંધેરી - કુરલા રોડ, અંધેરી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૫૯, ઈન્ડિયા.

શાખા ઓફિસ : પહેલો માળ, યુનિટ નં. ૩૧૭, ઓરીયન આર્કેડ કોમ્પલેક્ષ, ઈનોક્ષ મલ્ટીપ્લેક્ષ ની પાસે, ઝડેશ્વર, ભરૂચ - ૩૯૨૦૦૧.
શાખા ઓફિસ : ત્રીજો માળ, ૩૦૧, નક્ષત્ર - ૩, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાયવા ટેલિફોન એક્ષચેન્જની પાસે, રાજકોટ - ૩૬૦૦૦૭.
શાખા ઓફિસ : ચોથો માળ, ૪૧૦, મીલેસ્ટોન વાઈબ્રન્ટ, એપલ હોસ્પિટલની સામે, ઉધના દરવાજા, સુરત - ૩૯૫૦૦૨.
શાખા ઓફિસ : ચોથો માળ, કિશન કેપીટલ, બેંક ઓફ બરોડાની પાસે, ઝાંઝરડા રોડ, જૂનાગઢ, ગુજરાત - ૩૬૨૦૦૧.
શાખા ઓફિસ : દુકાન નં. ૧૦૬, પહેલો માળ, શ્રી રામ શીખર, ન્યુ સ્ટેશન રોડ, આણંદ - ૩૮૮૦૦૧.
શાખા ઓફિસ : યુનિટ નં. ૫ અને ૬, પહેલો માળ, શાંતિ કોમ્પલેક્ષ, પ્લોટ નં. પી-૫૦/૧, જીઆઈડીસી, ૨૧મી સેન્ચ્યુરી હોસ્પિટલની પાછળ, વાપી - ૩૯૬૧૯૫.

(નિયમ ૮(૬) ની જોગવાઈ જુઓ) સ્થાવર મિલકતના વેચાણ માટેની સુચના

સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ના નિયમ ૮(૬) ની જોગવાઈ અંતર્ગત સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ - ૨૦૦૨ હેઠળ બેંકમાં ગિરવે મુકેલ સ્થાવર મિલકતોના વેચાણ માટે ઈ - હરાજી વેચાણ નોટીસ. આથી જાહેર જનતાને સામાન્ય રીતે અને ખાસ કરીને ઉધારકર્તાઓ અને જામીનદારોને સુચના આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર મિલકત સિક્યોર્ડ લેણદાર પાસે ગીરો/ચાર્જ કરેલ છે, જેનો **ભૌતિક કબજો** અધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવ્યો છે. **આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમીટેડ** અહીં આપેલી સંક્ષિપ્ત વિગતો મુજબ **"જેમ છે ત્યાં", "જેમ છે તે પ્રમાણે" અને "જે છે તે"** પર વેચવામાં આવશે.

ક્રમ નં.	ઉધારકર્તાઓ/સહ-ઉધારકર્તાઓ /જામીનદારો/કાયદેસરના વારસદારનું નામ અને લોન એકાઉન્ટ નંબર	જાણીતી બોજો સાથે સુરક્ષિત મિલકતની વિગતો જો કોઈ હોય તો	બાકી લ્હેંણી રકમ	અનામત કિંમત --------- અર્નેસ્ટ મની ડીપોઝીટ	નિરીક્ષણની તારીખ અને સમય	હરાજીની તારીખ અને સમય	હરાજીની તારીખના એક દિવસ પહેલા	સરફેસી સ્ટેજ
(A)	(B)	(C)	(D)	(E)	(F)	(G)	(H)	(I)
૧.	અમિતકુમાર પરમાર (ઉધારકર્તા), પરમાર જશોદાબેન ગોવિંદભાઈ (સહ-ઉધારકર્તા), લોન એકાઉન્ટ નં. LHAND00001418369 & LHAND00001418504	ઘરનો સબ પ્લોટ નં. ૧૪, રીધ્ધી રેસીડેન્સી, આર.એસ. નં. ૧૫૯૪, મોજે - સાંડેસર, જીલ્લો -આણંદ, ગુજરાત - ૩૮૮૦૦૧.	રૂ. ૧૪,૦૭,૫૭૮/- ૧૦.૦૯.૨૦૨૪	રૂ. ૧૭,૪૭,૪૧૩/- ------------ રૂ. ૧,૭૪,૭૪૧/-	૦૪.૧૦.૨૦૨૪ સવારે ૧૧.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી	૧૦.૧૦.૨૦૨૪ બપોરે ૨.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી	૦૯.૧૦.૨૦૨૪ સાંજે ૫.૦૦ વાગ્યા સુધી	પ્રત્યક્ષ કબજો
૨.	ગુપ્તા રાજેશ દયાશંકર (ઉધારકર્તા), મીરા દેવી (સહ-ઉધારકર્તા), લોન એકાઉન્ટ નં. LHSUR00001404669 & LHSUR00001404687	આર.એસ. નં. ૭૦, બ્લોક નં. ૧૧૯, શ્રી વિલા રેસીડેન્સી, વિભાગ - ૨, પૈકી પ્લોટ નં. ૨૭૫, બારડોલી, જીલ્લો - સુરત, ગુજરાત.	રૂ. ૧૪,૧૦,૯૪૬/- ૧૦.૦૯.૨૦૨૪	રૂ. ૮,૧૦,૦૦૦/- ------------ રૂ. ૮૧,૦૦૦/-	૦૪.૧૦.૨૦૨૪ સવારે ૧૧.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી	૧૦.૧૦.૨૦૨૪ બપોરે ૨.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી	૦૯.૧૦.૨૦૨૪ સાંજે ૫.૦૦ વાગ્યા સુધી	પ્રત્યક્ષ કબજો
૩.	દેવેન્દ્રકુમાર એમ દરજી (ઉધારકર્તા), દરજી કામીનીબેન (સહ-ઉધારકર્તા), લોન એકાઉન્ટ નં. LHAND00001457024	રહેણાંક ઘર નં. ડી-૧૬, શીવમ - ૨ સોસાયટી, સર્વે / બ્લોક નં. ૧૦૨૯ + ૧૦૩૪/૧, ટીપી સ્કીમ નં. ૨, એફપી નં. ૯૭, મોજે - બોરસદ, જીલ્લો - આણંદ.	રૂ. ૨૧,૭૩,૪૮૫/- ૧૦.૦૯.૨૦૨૪	રૂ. ૨૦,૩૦,૩૪૬/- ------------ રૂ. ૨,૦૩,૦૩૫/-	૦૪.૧૦.૨૦૨૪ સવારે ૧૧.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી	૧૦.૧૦.૨૦૨૪ બપોરે ૨.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી	૦૯.૧૦.૨૦૨૪ સાંજે ૫.૦૦ વાગ્યા સુધી	પ્રત્યક્ષ કબજો
૪.	નિકુમ વિજય પ્રભાકરભાઈ (ઉધારકર્તા), રામબાઈ પ્રભાકર નિકમ (સહ-ઉધારકર્તા), લોન એકાઉન્ટ નં. LHSUR00001405477	ફલેટ નં. ૧૦૨, આર.એસ. નં. ૨૧૯/૧, બ્લોક નં. ૧૭૦, પારેખ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, વિભાગ-૩એ, પૈકી, પ્લોટ નં. ૧૬૦ અને ૧૬૧, કેજેપી બ્લોક નં. ૧૭૦/૧૬૦ અને ૧૭૦/૧૬૧, મહાદેવ પેલેસ, વિભાગ - બી, પલસાણા, જીલ્લો - સુરત, ગુજરાત.	રૂ. ૧૦,૨૮,૩૩૬/- ૧૦.૦૯.૨૦૨૪	રૂ. ૫,૬૨,૧૪૦/- ------------ રૂ. ૫૬,૨૧૪/-	૦૪.૧૦.૨૦૨૪ સવારે ૧૧.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી	૧૦.૧૦.૨૦૨૪ બપોરે ૨.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી	૦૯.૧૦.૨૦૨૪ સાંજે ૫.૦૦ વાગ્યા સુધી	પ્રત્યક્ષ કબજો
૫.	રવિકુમાર પરમાર (ઉધારકર્તા), રીતુ રવિકુમાર પરમાર (સહ-ઉધારકર્તા), લોન એકાઉન્ટ નં. LHSUR00001422425	ફલેટ નં. ૨૦૮, બીજો માળ, મહાદેવ વિલા, બ્લોક નં. ૭૩/એ, પારેખ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, વિભાગ - સી થી જાણીતી, પૈકી પ્લોટ નં. ૮૭ થી ૯૧, મોજે - બગુમરા, સબ જીલ્લો - પલસાણા, જીલ્લો - સુરત, ગુજરાત.	રૂ. ૬,૩૭,૭૫૦/- ૧૦.૦૯.૨૦૨૪	રૂ. ૫,૪૫,૧૩૦/- ------------ રૂ. ૫૪,૫૧૩/-	૦૪.૧૦.૨૦૨૪ સવારે ૧૧.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી	૧૦.૧૦.૨૦૨૪ બપોરે ૨.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી	૦૯.૧૦.૨૦૨૪ સાંજે ૫.૦૦ વાગ્યા સુધી	પ્રત્યક્ષ કબજો
૬.	રમેશ દેવનાથ રાય (ઉધારકર્તા), નિલમ (સહ-ઉધારકર્તા), લોન એકાઉન્ટ નં. LHBRH00001325710	આર.એસ. નં. ૧૩૦, ડ્રીમ સીટી થી જાણીતી, પ્લોટ નં. ૩૮૧, મોજે - ડઠાલ, તાલુકો - અંકલેશ્વર, જીલ્લો - ભરૂચ, ગુજરાત.	રૂ. ૧૧,૧૧,૯૬૧/- ૧૦.૦૯.૨૦૨૪	રૂ. ૮,૭૮,૦૪૦/- ------------ રૂ. ૮૭,૮૦૪/-	૦૪.૧૦.૨૦૨૪ સવારે ૧૧.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી	૧૦.૧૦.૨૦૨૪ બપોરે ૨.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી	૦૯.૧૦.૨૦૨૪ સાંજે ૫.૦૦ વાગ્યા સુધી	પ્રત્યક્ષ કબજો
૭.	સલમાન ખાન (ઉધારકર્તા), કામરુલ બેગમ (સહ-ઉધારકર્તા), લોન એકાઉન્ટ નં. LHGDM00001484930 & LHGDM00001484932	મિલકતનો સબ પ્લોટ નં. ૧૪ થી ૧૯/બી, મેઈન પ્લોટ નં. ૧૪ થી ૧૯, રેવન્યુ સર્વે નં. ૧૯૩/૧ અને ૧૯૩/૩, આશાપુરા નગર થી જાણીતો એરીયા, ગામ - નાના કપાયા, તાલુકો - મુંદ્રા, જીલ્લો - કચ્છ, ગુજરાત.	રૂ. ૧૮,૩૨,૧૬૩/- ૧૦.૦૯.૨૦૨૪	રૂ. ૧૩,૦૦,૦૦૦/- ------------ રૂ. ૧,૩૦,૦૦૦/-	૦૪.૧૦.૨૦૨૪ સવારે ૧૧.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી	૧૦.૧૦.૨૦૨૪ બપોરે ૨.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી	૦૯.૧૦.૨૦૨૪ સાંજે ૫.૦૦ વાગ્યા સુધી	પ્રત્યક્ષ કબજો
૮.	માહિર સતિષ સુરેશ (ઉધારકર્તા), માહિર સુશલાબેન (સહ-ઉધારકર્તા), લોન એકાઉન્ટ નં. LHSUR00001346342 & LHSUR00001346741	આર.એસ. નં. ૪૭૦, બ્લોક નં. ૪૬૨, આરાધના પ્લેટીનિયમ વિભાગ - ૩, પૈકી પ્લોટ નં. ૧૮૫ (કેજેપી બ્લોક નં. ૪૬૨/૧૮૫), મોજે - ઉમરખા, તાલુકો - બારડોલી, જીલ્લો - સુરત, ગુજરાત.	રૂ. ૮,૪૮,૨૨૬/- ૧૦.૦૯.૨૦૨૪	રૂ. ૮,૬૭,૫૯૧/- ------------ રૂ. ૮૬,૭૫૯/-	૦૪.૧૦.૨૦૨૪ સવારે ૧૧.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી	૧૦.૧૦.૨૦૨૪ બપોરે ૨.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી	૦૯.૧૦.૨૦૨૪ સાંજે ૫.૦૦ વાગ્યા સુધી	પ્રત્યક્ષ કબજો
૯.	અંજની કુમાર (ઉધારકર્તા), કુમારી સ્નેહલતા (સહ-ઉધારકર્તા), લોન એકાઉન્ટ નં. LHVPI00001363201	ફલેટ નં. બી-૩૧૦, ત્રીજો માળ, બી - બિલ્ડીગ, અંશ રેસીડેન્સી, સર્વે નં. ૧૮૦/૨, ન્યુ સર્વે નં. ૨૧૬ પૈકી, સર્વે નં. ૨૧૬/૧, ૨૧૬/૪, ૨૧૬/૫, છીરી, તાલુકો - વાપી, જીલ્લો - વલસાડ, ગુજરાત.	રૂ. ૧૩,૧૩,૩૭૨/- ૧૦.૦૯.૨૦૨૪	રૂ. ૯,૨૩,૪૦૦/- ------------ રૂ. ૯૨,૩૪૦/-	૦૪.૧૦.૨૦૨૪ સવારે ૧૧.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી	૧૦.૧૦.૨૦૨૪ બપોરે ૨.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી	૦૯.૧૦.૨૦૨૪ સાંજે ૫.૦૦ વાગ્યા સુધી	પ્રત્યક્ષ કબજો
૧૦.	જીતેન્દ્ર શ્રીરામ ચૌધરી (ઉધારકર્તા), સંગીતા દેવી (સહ-ઉધારકર્તા), લોન એકાઉન્ટ નં. LHSUR00001453030 & LHSUR00001453059	મિલકતનો સર્વે નં. ૩૮, ૩૯ અને ૪૦, જુનો બ્લોક નં. ૨૯, રી-સર્વે ન્યુ બ્લોક નં. ૩૧, ગ્રીન પાર્ક વિભાગ - ૩, પૈકી પ્લોટ નં. ૩૪૯ (કેજેપી ન્યુ બ્લોક નં. ૩૧/૩૪૯), મોજે-હલધારુ, સબ જલ્લો - કામરેજ, જીલ્લો - સુરત.	રૂ. ૧૨,૧૪,૨૫૩/- ૧૦.૦૯.૨૦૨૪	રૂ. ૯,૦૯,૭૯૨/- ------------ રૂ. ૯૦,૯૭૯/-	૦૪.૧૦.૨૦૨૪ સવારે ૧૧.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી	૧૦.૧૦.૨૦૨૪ બપોરે ૨.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી	૦૯.૧૦.૨૦૨૪ સાંજે ૫.૦૦ વાગ્યા સુધી	પ્રત્યક્ષ કબજો
૧૧.	નાકાણી ફાકુર ગફારભાઈ (ઉધારકર્તા), નિંજન અલારખાભાઈ ઈબ્રાહીમભાઈ (સહ-ઉધારકર્તા), લોન એકાઉન્ટ નં. LHRAJ00001401340	ઓફિસ નં. ૫ અને ૬, પહેલો માળ, જય ગોપાલ શોપીંગ સેન્ટર, નવાગઢ, સીટી સર્વે શીટ નં. ૩૬, સીટી સર્વે નં. ૨૪૪૪, તાલુકો અને જીલ્લો - રાજકોટ.	રૂ. ૫,૮૫,૫૮૦/- ૧૦.૦૯.૨૦૨૪	રૂ. ૪,૦૪,૯૨૮/- ------------ રૂ. ૪૦,૪૯૩/-	૦૪.૧૦.૨૦૨૪ સવારે ૧૧.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી	૧૦.૧૦.૨૦૨૪ બપોરે ૨.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી	૦૯.૧૦.૨૦૨૪ સાંજે ૫.૦૦ વાગ્યા સુધી	પ્રત્યક્ષ કબજો
૧૨.	રવિન્દ્રકુમાર પ્રવિણચંદ્ર ચાંદે (ઉધારકર્તા), હર્ષા રવિન્દ્ર ચાંદે (સહ-ઉધારકર્તા), લોન એકાઉન્ટ નં. NHJGH00001266746	ઘરના બાંધકામ કરેલ જમીનનો બ્લોક નં. ૧૫, સીટી સર્વે નં. ૧૯૩/એ, જે સ્થિત કડીયાવાડ, જૂનાગઢ, ગુજરાત.	રૂ. ૧૯,૫૩,૭૯૧/- ૧૦.૦૯.૨૦૨૪	રૂ. ૧૬,33,૯૩૨/- ------------ રૂ. ૧,૬૩,૩૯૩/-	૦૪.૧૦.૨૦૨૪ સવારે ૧૧.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી	૧૦.૧૦.૨૦૨૪ બપોરે ૨.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી	૦૯.૧૦.૨૦૨૪ સાંજે ૫.૦૦ વાગ્યા સુધી	પ્રત્યક્ષ કબજો
૧૩.	ભાલાણી મેહુલકુમાર દિનેશકુમાર (ઉધારકર્તા), ભાલાણી હિનાબેન મેહુલકુમાર (સહ-ઉધારકર્તા), લોન એકાઉન્ટ નં. LHSNR00001323169	ઘરનો સબ પ્લોટ નં. ૧૦/બી, અવધપુરી સોસાયટી નં. ૧, રેવન્યુ સર્વે નં. ૮૬૯, સીટી સર્વે નં. ૧૬૯ પૈકી, સીટી વોર્ડ નં. ૨, લિંબાડી સીટી, જીલ્લો - સુરેન્દ્રનગર.	રૂ. ૨૩,૧૬,૩૬૦/- ૧૦.૦૯.૨૦૨૪	રૂ. ૨૬,૮૬,૧૬૩/- ------------ રૂ. ૨,૬૮,૬૧૬/-	૦૪.૧૦.૨૦૨૪ સવારે ૧૧.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી	૧૦.૧૦.૨૦૨૪ બપોરે ૨.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી	૦૯.૧૦.૨૦૨૪ સાંજે ૫.૦૦ વાગ્યા સુધી	પ્રત્યક્ષ કબજો

ઓનલાઈન હરાજી અમારી ઓકશન એજન્સી શ્રીરામ ઓટોમોલ ઈન્ડિયા લિમીટેડ ની વેબસાઈટ : **(URL Link - eaucations.samil.in)** પર હાથ ધરવામાં આવશે. ગીરો / નોટીસને **તા. ૦૯.૧૦.૨૦૨૪ સુધી સાંજના ૫.૦૦ વાગ્યા પહેલા** ચડત વ્યાજ સાથે કુલ લેણાં ચુકવવાની છેલ્લી તક આપવામાં આવે છે, અન્યથા આ સુરક્ષિત અસકયામતો ઉપરોકત શિડયુલ મુજબ વેચવામાં આવશે. સંભવિત બિડરોએ અર્નેસ્ટ મની ડીપોઝીટ (ઈએમડી) આરટીજીએસ / ડીમાન્ડ ડ્રાફટ (ડીડી) (કોલમ ઈ નો સંદર્ભ), **આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમીટેડ, શાખા ઓફિસના સરનામે, તા. ૦૯.૧૦.૨૦૨૪ ના રોજ સાંજે ૪.૦૦ વાગ્યા પહેલાં** મળે તેમ મોકલી આપવી. સંભવિત બિડરોએ **આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમીટેડ, શાખા ઓફિસના સરનામે ખાતે તા. ૦૯.૧૦.૨૦૨૪ ના રોજ સાંજે ૫.૦૦ વાગ્યા પહેલા** મળે તેમ નોંધણી ફોર્મ અને બિડના નિયમો અને શરતોના ફોર્મની સહી કરેલી નકલ પણ સબમીટ કરવી. અર્નેસ્ટ મની ડિપોઝીટ ડીમાન્ડ ડ્રાફટ (ડીડી) **ગુજરાત** ખાતે ચુકવવાપાત્ર આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમીટેડ - ઓકશનની તરફેણમાં રાષ્ટ્રીયકૃત / અનુસૂચીત બેંકમાંથી હોવો જોઈએ. હરાજીના નિરીક્ષણના નિયમો અને શરતો અથવા ટેન્ડર સબમીટ કરવા સંબંધી કોઈપણ વધુ સ્પષ્ટતા માટે કૃપા કરીને ૯૯૨૦૮૦૭૩૦૦ નો સંપર્ક કરો. અધિકૃત અધિકારી કોઈપણ અથવા તમામ બિડને કોઈપણ વધુ કારણો આપ્યા વિના નકારવાનો અધિકાર અનામત રાખે છે. વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે, કૃપા કરીને https://www.icicihfc.com ની મુલાકાત લો.

અધિકૃત અધિકારી,

તારીખ : ૨૨.૦૯.૨૦૨૪, સ્થળ : ગુજરાત

આઈસીઆઈસીઆઈસી હોમ ફાયનાન્સ કંપની લિમીટેડ, CIN No. U65922MH1999PLC120106

યુ.કે.ની વર્ક પરમિટ અપાવવાનું કહી દંપતીએ છેતરપિંડી કરતા ફરિયાદ

અમદાવાદ,

યુ.કે.માં વર્ક પરમિટ અપાવવાના બહાને ૯ લાખ લઇ ઠગ દંપતીએ વર્ક પરમિટ અપાવી નહતી. તેમજ ૭.૧૫ લાખ પરત ચૂકવ્યા નહતા.જે અંગે જે.પી.રોડ પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

વાસણા તાંદલજા રોડ સમર્પણ બંગ્લોઝમાં રહેતા રૂપલબેન રાકેશભાઇ પાટિલે જે.પી.રોડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે,મારા પતિ સાઉથ આફ્રિકામાં નોકરી કરે છે. પરંતુ, જાન્યુઆરી - ૨૦૨૨ થી વડોદરામાં જ રહે છે. મારો દીકરો દિશાંત યુ.કે.માં અને પુત્રી માર્ગી કેનેડામાં અભ્યાસ કરે છે. મારો પુત્ર જાન્યુઆરી - ૨૦૨૩ થી યુ.કે. ગયો છે. તેની વર્ક પરમિટ કઢાવવાની હતી.

અમારી સામે રહેતા યોગીતાબેન ગુંજાલ મારફતે પરિક્ષીત પટેલનો સંપર્ક થયો હતો. પરિક્ષીત પટેલે જતીન અરવિંદભાઇ કાવા તથા લતાબેન જતીનભાઇ કાવા (રહે. દર્શનમ આગમન, વાઘોડિયા ડભોઇ રીગ રોડ) સાથે સંપર્ક કરાવ્યો હતો. તેઓએ વર્ક પરમિટનું કામ ૧૯ લાખમાં કરી આપવાનું નક્કી કર્યુ હતું. ૩ લાખ એડવાન્સમાં આપવાના, ૬ લાખ લેટર આવ્યા પછી અને બાકીના ૧૦ લાખ કામ પૂરૂં થયા પછી આપવાનું નક્કી થયું હતું. જેથી, મેં પરિક્ષીત પટેલના એકાઉન્ટમાં ૩ લાખ જમા કરાવ્યા હતા. લેટર આવ્યા પછી બાકીના ૬ લાખ પણ પરિક્ષીત પટેલના એકાઉન્ટમાં જમા કરાવ્યા હતા.

ત્યારબાદ મારા પુત્રને લેટરના આધારે બાયોમેટ્રિક માટે કોઇ કંપનીએ બોલાવ્યો નહતો. જેથી, અમે જતીનભાઇ પાસે ૯ લાખ પરત માંગ્યા હતા. જતીનભાઇએ બે ચેક આપ્યા હતા. જે બંને ચેક રિટર્ન થયા હતા.

ત્યારબાદ જતીનભાઇ વાયદાઓ કરતા હતા અને તેમણે અમારા કોલ રિસિવ કરવાનું બંધ કરી દીધું હતું. ત્યારબાદ તેમણે થોડા રૂપિયા પરત આપી દીધા હતા. જ્યારે ૭.૧૫ લાખ પરત આપ્યા નહતા.

વેમાલીમાં રહેતી ૩૦ વર્ષની મહિલા અટલ બ્રિજ પરથી પટકાતા મોત

અમદાવાદ,

વેમાલી ગામ અંબે રેસિડેન્સીમાં રહેતી ૩૦ વર્ષની મહિલાએ ગઇકાલે રાતે અટલ બ્રિજ પરથી નીચે પડતા ગંભીર ઇજા થઇ હતી. જેને સારવાર માટે સયાજી હોસ્પિટલમાં લઇ જવામાં આવી હતી. જ્યાં ટૂંકી સારવાર દરમિયાન તેનું મોત થયું છે.

પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, વેમાલી ગામ અંબે રેસિડેન્સીમાં રહેતા ૩૦ વર્ષના ઇસ્પાબેન તુષારભાઇ દલાલ ગઇકાલે રાતે પોણા અગિયાર વાગ્યે અટલ બ્રિજ ગેંડા સર્કલ નજીક ઉપરથી નીચે પટકાતા ગંભીર ઇજા થઇ હતી. બનાવના પગલે લોકોના ટોળા ભેગા થઇ ગયા હતા. મહિલાને સારવાર માટે એમ્બ્યુલન્સમાં સયાજી હોસ્પિટલમાં લઇ જવામાં આવી હતી.

પરંતુ, મોડીરાતે પોણા એક વાગ્યે ટૂંકી સારવાર દરમિયાન તેનું મોત થયું હતું. બનાવ અંગે અલગ - અલગ ચર્ચા ચાલી રહી છે. મહિલા બ્રિજની પાળી પર બેસવા જતા નીચે પડી ગઇ હતી.

બીજી ચર્ચા એવી છે કે, મહિલાએ ઉપરથી નીચે કૂદીને આપઘાત કર્યો છે. ત્રીજી ચર્ચા એવી છે કે, મહિલાને કોઇએ ધક્કો મારી દીધો. બનાવ અંગે ગોરવા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ઇસ્પાના પતિ અમેરિકા રહેતા હોવાનું જાણવા મળ્યું છે. હાલમાં તેનો મૃતદેહ કોલ્ડ રૂમમાં મૂકવામાં આવ્યો છે.

ગોરવા પોલીસે અટલ બ્રિજ પરના સીસીટીવી કેમેરા ચેક કરતા મહિલા ચાલતી જતી દેખાય છે. તેની આગળના સીસીટીવી ઉપ્લબ્ધ ન હોય પોલીસે તે સમયે બ્રિજ પરથી પસાર થતા અન્ય વાહનચાલકોની શોધખોળ શરૂ કરી છે. તેઓની પૂછપરછ પછી સત્ય હકીકત બહાર આવે તેવી શક્યતા છે.

મહિલા ઘરેથી કોઇ વાહન લઇને નીકળી હોવાની શક્યતા છે. પરંતુ, પોલીસને હજી તે વાહન મળ્યું નથી.

રાજકોટના સોની પરિવારના ૯ સભ્યોએ એક સાથે ઝેર પી લીધું

રાજકોટ

રાજકોટમાં ગુંદાવાડી મેઈનરોડ પર ગોવિંદપરા-૨માં રહેતા અને સોનીબજારમાં કેતન હાઉસ નામની દુકાન ધરાવતા લલિતભાઈ આડેસરા નામના સોનાના દાગીનાના વેપારીએ આપેલા માલના રૂા.પોણા ત્રણ કરોડ મુંબઈના ચાર શખ્સો પાસે ફસાતા આ સોની પરિવારના પિતા, બે પુત્રો અને તેમના પત્ની, સંતાનો સહિત ૯ સભ્યોએ એક સાથે ઝેરી દવા પી લીધાનો બનાવ પોલીસમાં જાહેર થયો છે. તમામની હાલત આજે રાત્રે ભયમુક્ત જણાવાઈ છે. રાજકોટ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર સોનીબજારમાં વોરાની શેરીમાં આ પરિવારની કેતન હાઉસ નામની દુકાન આવેલી છે અને અન્ય દુકાનો બની રહી છે. આ પરિવારના સભ્યએ જણાવ્યા પ્રમાણે તેમણે મુંબઈના વિજય કૈલાસજી રાવલ, મહેન્દ્ર, પ્રશાંત અને નિર્મલ નામના વેપારીઓને સોનાના દાગીના બનાવીને આપતા હતા. મુંબઈના આ મારવાડી વેપારીઓએ અગાઉ સમયસર નાણા ચૂકવતા બાદમાં પોલીસ સૂત્રો અનુસાર કૂલ ૬ કિલો સોનાના દાગીના આપ્યા તેમાં ૩ કિલો દાગીનાના નાણાં ચૂકવ્યા પણ બાકીના ૨૨ કેરેટના દાગીનાના આશરે રૂા.૨.૭૫ કરોડ ચૂકવ્યા ન્હોતા તે કારણે આ વેપારી આર્થિક ભીંસમાં આવી ગયા હતા.

વધુમાં પરિવારે જણાવ્યા પ્રમાણે આ રકમ ૧૧ માસથી મુંબઈના વેપારીઓએ ચૂકવી ન્હોતી અને પંદર પંદર દિવસના વાયદા આપતા હતા અને ઉપરથી પોલીસમાં નહી જવા માટે મીઠી ધમકીઓ આપતા હતા.આમ છતાં ત્રણ દિવસ પહેલા પોલીસને અરજી કરાઈ હતી.

ઉધઈ મારવાની દવા પીને આત્મહત્યાની કોશિષ કરનારામાં વેપારી કેતન લલિતભાઈ આડેસરા (ઉ.વ.૪૫) તેમના પત્ની (૨) દિવ્યાબેન કેતનભાઈ (ઉ.૪૨) (૩) માતા મીનાબેન લલિતભાઈ (ઉ.૬૭) (૪) કેતનના પિતા લલિતભાઈ વલ્લભભાઈ આડેસરા (ઉ.વ.૭૬) (૫) કેતનના નાનાભાઈ વિશાલ (ઉ.૪૦), તેમના પત્ની (૬) સંગીતાબેન વિશાલભાઈ (ઉ.૩૯), (૭) કેતનભાઈના પુત્ર જય (ઉ.વ.૨૧) અને ભત્રીજા (૮) વંશ વિશાલભાઈ તથા (૯) ભત્રીજી હેતાંશી વિશાલભાઈ (ઉ.વ.૮) નો સમાવેશ થાય છે. પોલીસ સૂત્રો અનુસાર ગત રાત્રિના અગિયારેક વાગ્યેઆ પરિવારના મુખ્ય માણસે દવા પીતા તેને જોઈને કુટુંબના તમામ લોકોએ તેને અનુસરીને દવા પી લીધી હતી અને દવા પીને સુઈ ગયા હતા. બધાને ઉલ્ટીઓ થઈ હતી. આજે સવારે અગિયારેક વાગ્યે ૧૦૮ને જાણ કરાતા એક જ પરિવારના ૯ સભ્યોને હોસ્પિટલે ખસેડયા હતા. દવા પીનારામાં જેમાં ૮ વર્ષની બાળકીનો પણ સમાવેશ થાય છે. આપઘાતની કોશિષ કરવાના બનાવ અંગે ભક્તિનગર પી.આઈ.સરવૈયાના માર્ગદર્શનમાં તપાસ હાથ ધરાઈ છે જ્યારે સોનાના દાગીનાની લેવેચ એ ડિવિઝન પોલીસ મથકના વિસ્તારમાં થઈ હોય ત્યાં તપાસ થશે.

પ્રત્યક્ષ કબજા નોટીસ

ICICI Bank

રજીસ્ટર્ડ ઓફિસ : આઈસીઆઈસીઆઈ બેંક લિમીટેડ, ઓફિસ નં. ૨૦૧-બી, બીજો માળ, રોડ નં. ૧, પ્લોટ નં. બીડ, WIFI IT ભાગ, વાગલે ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, થાણે, મહારાષ્ટ્ર-૪૦૦૬૦૪.

આથી, **આઈસીઆઈસીઆઈ બેંક લિમીટેડ** ના નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ સિકયોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ તથા કલમ ૧૩(૧૨) હેઠળ મળેલી સત્તા સાથે સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ તથા નિયમ ૩ અંતર્ગત નીચે દર્શાવેલ ઉધારકર્તાઓની માંગણા નોટીસ જારી કરીને નોટીસ મળ્યાની તારીખથી ૬૦ દિવસોની અંદર બાકી રકમ ભરી જવા જણાવેલ હતું. ઉધારકર્તા ઉપરોક્ત રકમ ચુકવવામાં કસુરવાર થતાં આથી ઉધારકર્તા અને જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે અધિનિયમ ૧૩ની પેટા કલમ (૪) હેઠળ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ ૨૦૦૨ના રૂલ ૮ સાથે મળેલી સત્તાની રૂએ અધિકૃત અધિકારીએ નીચે જણાવેલ મિલકતોનો **પ્રત્યક્ષ કબજો** લઈ લીધેલ છે. ઉધારકર્તાને વિશેષ રૂપથી તથા જાહેર જનતાને આથી સદરહુ મિલકતો અંગે કોઈપણ જાતનો વ્યવહાર ન કરવાની ચેતવણી આપવામાં આવે છે. સદરહુ સ્થાયી મિલકતો અંગે કરેલો કોઈપણ વ્યવહાર **આઈસીઆઈસીઆઈ બેંક લિમીટેડ** ની રકમ બોજાને આધીન રહેશે.

ક્રમ નં.	ઉધારકર્તાનું નામ/ લોન એકાઉન્ટ નં.	મિલકતનું વર્ણન / પ્રત્યક્ષ પઝેશનની તારીખ	ડીમાન્ડ નોટીસની તારીખ/ડીમાન્ડ નોટીસ નીબાકી રકમ (રૂા.માં)	શાખાનું નામ
૧.	**સાલકીયા હિના જયેશકુમાર / સાલકીયા જયેશકુમાર રમેશચંદ્ર,** **LBBRD00005604988**	ફલેટ નં. ૧૦૩, પહેલો માળ, ટાવર - કે, સહજ ફલોરેન્સિયા, એસ ટી બેસીલ સ્કુલની પાછળ, આર.એસ. નં. ૪૦૭, ૪૦૮, ટીપીએસ નં. ૩૪, એફપી નં. ૩૭, ૩૮, આત્મીય હેરીટેજ ની સામે, જાંબુવા, વડોદરા - ૩૯૦૦૧૪. **(તા. ૧૯.૦૯.૨૦૨૪)**	**૦૭.૦૨.૨૦૨૪ ------ રૂા. ૨૨,૦૦,૫૨૦/-**	**વડોદરા**
૨.	**સાલકીયા હિના જયેશકુમાર / સાલકીયા જયેશકુમાર રમેશચંદ્ર,** **LBBRD00005604876**	ફલેટ નં. ૧૦૪, પહેલો માળ, ટાવર - કે, સહજ ફલોરેન્સિયા, એસ ટી બેસીલ સ્કુલની પાછળ, આર.એસ. નં. ૪૦૭, ૪૦૮, ટીપીએસ નં. ૩૪, એફપી નં. ૩૭, ૩૮, આત્મીય હેરીટેજ ની સામે, જાંબુવા, વડોદરા - ૩૯૦૦૧૪. **(તા. ૧૯.૦૯.૨૦૨૪)**	**૦૭.૦૨.૨૦૨૪ ------ રૂા. ૨૧,૯૮,૨૦૦/-**	**વડોદરા**
૩.	**મિતલ વિજય પટીયાર / વિજય ડી પટીયાર,** **LBBRD00004723475**	પેન્ટ હાઉસ નં. ૫૦૧, ટાવર - આઈ, પાંચમો માળ, કિશન કલાસીસ, બ્રાઈટ સીબીએસઈ સ્કુલની પાછળ, શ્રીમ ગેલેક્ષીની પાસે, ભાયલી કેનાલ રોડ, મોજે - ભાયલી, બ્લોક નં. ૩૫૫ પી૧, જૂનો આર. એસ. નં. ૩૮૮ અને ૩૮૯, ટીપી સ્કીમ નં. ૩, એફપી નં. ૨, વડોદરા - ૩૯૦૦૧૫. **(તા. ૨૦.૦૯.૨૦૨૪)**	**૦૭.૧૧.૨૦૨૪ ------ રૂા. ૨૬,૯૨,૦૦૯/-**	**વડોદરા**

ઉપરોકત ઉધારકર્તાઓ / જામીનદારોઓને આથી રકમની ચુકવણી કરવા માટે ૩૦ દિવસની નોટીસ આપવામાં આવે છે, અન્યથા આ નોટીસના પ્રકાશન તારીખ થી ૩૦ દિવસની સમાપ્તિ પર ગીરો મુકેલ મિલકતો સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ - ૨૦૦૨ હેઠળ નિયમ ૮ અને ૯ હેઠળ વેચવામાં આવશે.

તારીખ : ૨૧.૦૯.૨૦૨૪
સ્થળ : વડોદરા

અધિકૃત અધિકારી,
આઈસીઆઈસીઆઈ બેંક લિમીટેડ